ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા

# પંચદેવ મંદિર સામે પેટ્રોલ ગાડી સળગી

## સે-૧માં રહેતા મુંબઈ એસબીઆઈના કર્મચારીની ગાડીમાં આગ લાગી : કોઈને ઈજા કે જાનહાની નહીં

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના ચ માર્ગ પરથી પસાર થતી ફીયાટ પાલીયો ગાડી પંચદેવ મંદિર સામે પહોંચી ત્યારે અચાનક ગાડીમાંથી ધુમાડા નીકળવાની સાથે આગ ભભુકી ઉઠી હતી. સે-૧માં રહેતા અને મુંબઈ એસબીઆઈના કર્મચારી આ ગાડી લઈને જઈ રહ્યા હતા. આગ ભભુકતા ગાડીને બ્રેક મારીને સમયસર બહાર નિકળી જતા કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગને કાબુમાં લઈ લીધી હતી.

ગાંધીનગરના ચ માર્ગ પરથી આજે બપોરના અરસામાં જીજે ૧ એચ.સી. ૯૦૫૧ નંબરની ફીયાટ પાલીયા ગાડી લઈને મુંબઈ એસબીઆઈમાં નોકરી કરતા અને ગાંધીનગર સે-૧-સી પ્લોટ નં. ૨૪૭/૨ ખાતે રહેતા કર્મચારી કે.વી. વર્ગીસ પસાર થઈ રહ્યા હતા. પંચદેવ મંદિરની સામેના માર્ગે ગાડી પહોંચી ત્યારે અચાનક ધુમાડા નીકળવા લાગ્યા અને આગ લાગી ઉઠી હતી. ગાડીને બ્રેક મારીને કે.વી. વર્ગીસ નીચે ઉતરી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને આ મામલે કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળ પર પહોચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. ફીયાટ પાલીયો ગાડી સળગીને ખાખ થઈ ગઈ હતી જો કે સદભાગ્યે કોઈ જાનહાની કે દાઝયાનો બનાવ આ કિસ્સામાં બનવા પામ્યો નથી. નોંધનીય બાબત એ છે કે સામાન્ય સંજોગોમાં સીએનજી ગેસ સંચાલિત ગાડીઓમાં આગની ઘટના બનતી હોવાનો ભય વાહનચાલકોમાં હોય છે પરંતુ આ પેટ્રોલ ગાડી હતી તેમ છતાં આગ લાગી હોવાનું બહાર આવ્યું છે.



## @ગાંધીનગર

● સાંસ્કૃતિક સંસ્થા ગાંધીનગર દ્વારા સૂરીલી સાંજ કાર્યક્રમ રાત્રે ૯.૧૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● બે દિવસીય શરીર સંતુલન શિબિર સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન સે-૧૯ જીમખાના ખાતે યોજાશે.

● દાદા ભગવાન ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા વીસીડી સત્સંગ બલરામ ભવન, ઉમિયા મંદિર પાસે, સે-૧૨ ખાતે રાત્રે ૮ થી ૧૦ દરમિયાન યોજાશે.

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક, બેઠક ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.



ગાંધીનગરના સેકટર-૨૧માં શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે વિવિધ મનોરથ ચાલી રહ્યા છે. આ નિમિત્તે વિવિધ પ્રકારના પ્રાસંગિક મનોરથ સજાવવામાં આવી રહ્યા છે. શુક્રવારે અહીં કેરીનો નયનરમ્ય મનોરથ યોજાયો હતો. જેના દર્શનનો લાભ ભાવિક ભકતોએ લીધો હતો.

# શિહોલીમાં ઉલ્લાસપૂર્વક શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેના હસ્તે ચેખલારાણી અને શિહોલી ગામની શાળાઓમાં બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરાવવામાં આવી હતી. જેમાં શિહોલી મોટી ગામની પ્રાથમિક શાળામાં ગુડાના ચેરમેન શ્રી આશિષ દવેના હસ્તે ધોરણ-૧ના ૪૧ અને આંગણવાડીના ૨૬ના ભુલકાંઓને રમકડા તથા શૈક્ષણિક કિટસ આપીને પ્રવેશવિધી સંપન્ન કરાવવામાં આવી હતી.



શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેએ જણાવ્યું હતું કે, રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી સાથે શિક્ષણનો વ્યાપ વધારવા માટે સૌથી વધુ ભાર મુક્યો હતો. જેની ફલશ્રૃતિ રૂપે સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો હતો, ત્યારબાદ આ કાર્યક્રમ થકી શિક્ષણ અંગેની લોકજાગૃતિ આવતા આજે આ કાર્યક્રમ સાચા અર્થમાં સાર્થક થતો હોય તેવું લાગી રહ્યું છે. રાજય સરકારના આ ત્રિદિવસીય કાર્યક્રમમાં સહભાગી થવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચકક્ષાના અધિકારીશ્રીઓ રાજયના વિવિધ ગામોની શાળામાં ગયા છે. આજે શાળામાં પ્રવેશ મેળવનાર તમામ બાળકોના સુવર્ણ ભવિષ્ય માટે શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે ધોરણ-૩ થી ૮ના તેજસ્વી તારલાઓ, શાળામાં દાન કરનાર દાતાશ્રીઓ, વયોવૃધ્ધ ગામના વડીલો અને અન્ય વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરનાર શાળના બાળકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગીતાબેન પટેલ, ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુજી ઠાકોર, મેલેરિયા અધિકારી શ્રી મમતા દંતાણી સહિત મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાતવાતમાં

●ગાંધીનગરના ફાયર સ્ટેશને છેલ્લા ત્રણેક વર્ષથી એક દક્ષિણ ભારતીય ભાષામાં લખેલું પાર્સલ પ્રાપ્ત થઈ રહ્યું છે. જેમાં એક બુકલેટ સામેલ હોય છે. આ વર્ષે પણ પ્રાપ્ત થયેલ આ પાર્સલને દક્ષિણ ભારતીય દુભાષિયાની મદદથી ઉકેલવા પ્રયત્ન કરાયો તો જાણવા મળ્યું હતું કે તે બુકલેટ ત્યાંની કોઈ સ્થાનિક કંપનીના વાર્ષિક રીપોર્ટની છે જે દક્ષિણ ભારતમાં જ આવેલા 'ગાંધીનગર' નામના સ્થળે પહોંચવાની જગ્યાએ ભૂલથી અહીં આવી જાય છે.

● ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સંકુલ ખાતે સીઆઈએસએફની ઉર્જા ફુટબોલ કપની મેચોનો શુક્રવારથી પ્રારંભ થયો છે. આ ટૂર્નામેન્ટ તા. ૧૫મી જુન સુધી ચાલશે.

● ઉત્તર ગુજરાત બંધના એલાનના પગલે મહેસાણા-પાલનપુર તરફની તમામ એસટી બસો ગુરુવારે રદ કરાઈ હતી. સાવચેતીના ભાગરૂપે શુક્રવારે પણ તે તરફની એસટીબસો રદ કરી દેવાઈ હતી જેના પગલે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

## ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં ત્રણ બોર બનાવાયા

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના છાત્રેશ્વરા, કરણપુર તથા ધધાસણ ગામમાં પીવાના પાણી માટે ત્રણ બોર બનાવી આપ્યા હતા તેની તમામ રકમ કેતનભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી સાથે ત્રણ ગામોમાં પીવાના પાણી માટે ટાંકી પણ બનાવી આપવામાં આવી હતી. ગામના લોકોએ ગરમીમાં રાહતનો અનુભવ કર્યો હતો. આ કાર્યમાં સ્થાનિક કીરીટભાઈ ભીમજીભાઈ તથા અન્યોએ સાથ સહકાર આપ્યો હતો.




શહેરના સે-૩૦ સર્કલથી ચિલોડા તરફ જતા માર્ગ પર સાબરમતી નદીના બ્રીજ નજીક આજે બપોરના અરસામાં બે ગાડીઓ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આઈ-૧૦ ગાડી નં. જીજે ૧ એચ.કયુ. ૧૪૨૧ અને આઈ-૧૦ ગ્રાન્ડ ગાડી નં. જીજે ૧૮ બી.ઈ. ૭૩૪૨ નંબરની બે ગાડીઓ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં સદભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. જો કે બંનેની ગાડીને નુકશાન થયું હતું.

# રીક્ષા ગેંગનો વોન્ટેડ સાગરીત ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા વોન્ટેડ આરોપીઓની યાદી બનાવી તેમને પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન પીએસઆઈ એસ.બી. પઢેરીયાની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હે.કો. હરીભાઈને મળેલી બાતમીને આધારે સે-૨૮ બસ સ્ટેશન પાસેથી અમદાવાદ સરસપુરના શખ્સ મહેન્દ્ર ઉર્ફે સિકંદર ઉર્ફે પપ્પુ નગીન પટણીને પકડી પાડયો હતો. આ શખ્સ આઠેક માસ પહેલા સહ આરોપીઓ સાથે મળીને મેઘરજના એક વ્યકિતને અમદાવાદ ગેલેકસીથી નરોડા પાટીયા સુધી રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી તેની થેલીમાંથી નજર ચુકવીને રૂ.૩૯ હજાર રોકડા કાઢી લીધા હતા. સહ આરોપીઓ પકડાયા ત્યારે આ શખ્સનું નામ ખુલ્યું હતું. ત્યારથી તે નાસતો ફરતો હતો. આઠ મહિનાથી વોન્ટેડ આ રીક્ષા ગેંગના સાગરીતની ગાંધીનગર એલસીબીએ ધરપકડ કરી લઈ નરોડા પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.




## આઈ લવ માય ગાંધીનગર



**કિશોર રામાનુજ**

**ગાંધીનગર ગમે**

સુંદરતા અને હરિયાળી ઉપરાંત કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ધમધમાટને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંનાં નગરજનો ખૂબ માયાળુ, સેવાભાવી અને સંસ્કૃતિ પ્રેમી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિ કરતી શહેરની સઘળી સંસ્થાઓ ગમે છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન, જીઈ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ વિશેષ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને જાહેર શિસ્તની બાબતે ઘણું કામ કરવાની આવશ્યકતા છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ અને સેવાનાં ક્ષેત્રો માટે હું મારું યોગદાન આપવા તૈયાર છું.

## જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને યુનિટ ઓફ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે રવિવારે સેમિનાર

ગાંધીનગર, તા.૯

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર અને યુનિટ ઓફ ગાંધીનગર દ્વારા એસએસી, એચએસસી અને ગ્રેજયુએટ થયેલા વિદ્યાર્થીઓ માટે અભ્યાસલક્ષી માહિતી તેમજ સ્પર્ધાત્મક માર્ગદર્શન આપવા માટે એક સેમિનારનું આયોજન તા. ૧૧મી જૂન, ૨૦૧૭ના રોજ સાંજના ૪ થી ૯ કલાક દરમિયાન ડૉ બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગેનું માર્ગદર્શન અનુભવી તજજ્ઞો દ્વારા આપવામાં આવશે.

કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ સેમિનારના સ્થળે પોતાના સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે. કાર્યક્રમના સ્થળે પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેવું રોજગાર અધિકારી (રોજગાર) એ જણાવ્યું છે.

# આકાશમાં વાદળો મંડરાતા કેસર કેરીના ભાવમાં ઘટાડો!!

ગાંધીનગર, તા.૯

શહેરના વાતાવરણમાં આવેલા ફેરફારના પગલે કેસર કેરીના ભાવ ઘટવાનો પ્રારંભ થયેલો જોવા મળી રહ્યો છે. આકાશમાં મંડરાયેલા કાળા વાદળો તથા રાજયમાં દક્ષિણ ક્ષેત્રમાં થયેલા ચોમાસાના પ્રારંભે કેરીના વેપારીઓમાં ચિંતાના વાદળો સર્જાયા છે. જેના કારણે કેરીના ભાવોમાં ઘટાડો જોવા મળતા શહેરના કેસર કેરીના રસિયાઓમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

ગત સપ્તાહ સુધી ગાંધીનગરમાં કેસર કેરીની પેટીનો ભાવ રૂ. ૫૫૦થી ૬૭૦ સુધી જોવા મળતો હતો આમ છતાં

**ગત સપ્તાહે કેસર કેરીની પેટી રૂ. ૫૫૦-૬૭૦માં વેચાતી હતી તે હવે રૂ. ૪૫૦-૩૫૦ સુધી આવી ગઈ : કેસર કેરીના રસિયાઓ ગેલમાં**

શહેરના કેસર કેરીના રસિયાઓ ઉંચા ભાવે ખરીદીને પણ મોજ માણવાનું ચુકયા નહોતા આ કારણે કેરીની માંગ જળવાયેલી રહી હતી. જો કે છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં સર્જાયેલા ફેરફારને પગલે તમામ પ્રકારની કેરીના ભાવો ગગડવાની શરૂઆત થઈ છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ચોમાસાના પ્રારંભના પગલે તેમજ ગાંધીનગરના આકાશમાં પણ વાદળ સાથે વરસાદી મૌસમના આગમનનો માહોલ સર્જાતા કેરીના ભાવો નીચે આવવા લાગ્યા છે. હાલ શહેરમાં કેસર કેરીની પેટીનો ભાવ રૂ. ૪૭૦ થી ૩૫૦ સુધી નીચે આવી જવા પામ્યો છે. જો વાવાઝોડું ફુંકાય તો કેરીની આવકમાં વધારો થાય અને ચોમાસાનો પ્રારંભ થાય તો સ્ટોરેજ કરાયેલ કેરીની બગડવાની શકયતા વધી જાય તેથી બજારમાં પુરવઠો વધારે આવે તેવી આશંકાએ કેસર કેરી સહિત તમામ પ્રકારની કેરીના ભાવો ઘટયા હોવાનું જાણવા મળેલ છે. કેરીના ભાવો ઘટતા શહેરના કેસર કેરીના રસિયાઓ ગેલમાં આવી ગયા છે અને મન ભરીને કેસર કેરીનો આનંદ માણવા થનગની રહ્યા છે.

## ભાવસાર સમાજનું ગૌરવ વધારતી ઝરણા ભાવસાર

ગાંધીનગર, તા.૯



શેઠ. મ.ભ. શાળામાં ભણતી વિદ્યાર્થીની ઝરણા કેતનભાઈ ભાવસારે માર્ચ-૨૦૧૭માં ધો-૧૦ની પરીક્ષામાં ૬૦૦માંથી ૫૦૮ માર્કસ મેળવીને પેથાપુર હાઈસ્કુલનું, ભાવસાર સમાજનું તથા પેથાપુર ગામનું ગૌરવ વધારેલ છે. પેથાપુરના કાર્યકર નટુભાઈ દરજી, વાલીમંડળના પ્રમુખ વિનુસિંહ વાઘેલા, મંત્રી પોપટલાલ પ્રજાપતિએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# ગાંધીનગરથી લદાખ : થેકીંગ રાઈડ ફોર ઈન્ડિયમ આર્મી

ગાંધીનગર, તા.૯

અત્યારે દેશ આતંકવાદની સમસ્યા સામે લડાયક પ્રત્યુત્તર પાઠવી રહ્યો છે. કાશ્મીર ઉપરાંત કેટલાક અન્ય રાજયોમાં આતંકવાદ વિવિધ સ્વરૂપે માથું ઉંચકી રહ્યો છે. પરંતુ તેનો આપણા વીર જવાનો બહાદૂરીપૂર્વક સામનો કરી રહ્યા છે અને રાષ્ટ્રને ગૌરવ અપાવી રહ્યા છે. જો કે આ લડાઈમાં આપણા કેટલાક જવાનો શહીદ પણ થવા પામ્યા છે. આતંકવાદ સામેની આ લડાઈમાં દેશના જવાનોની બહાદુરીને બિરદાવવાના પ્રયાસ રૂપે ગાંધીનગરની યુનાઈટેડ રાઈડર્સ કલબે 'થેકીંગ રાઈડ ફોર ઈન્ડિયન આર્મી'નું આયોજન કર્યું છે. આ રાઈડનો પ્રારંભ રવિવારે સવારે ૬.૩૦ કલાકે કલેકટર કચેરીએથી કરાશે જે રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ થઈ જમ્મુ કાશ્મીરના લદાખ સુધી જશે અને રસ્તામાં જવાનોનું મ્હોં મીઠું કરાવી આભાર માનશે.

### દુનિયાની સૌથી ઉંચાઈ પર આવેલ પોસ્ટ ઓફિસે જશે

યુનાઈટેડ રાઈડર્સ કલબના રાઈડર્સ દુનિયાના સૌથી ઉંચા મોટરેબલ પાસ ખારદુંગલા તેમજ દુનિયામાં સૌથી ઉંચાઈએ આવેલ પોસ્ટ ઓફિસની મુલાકાત લેશે. રાઈડ દરમિયાન રાઈડર્સ ટેન્ટમાં રહેશે અને રાઈડનો તમામ ખર્ચ તેઓ જાતે જ ભોગવશે. બુલેટ રાઈડીંગના શોખ સાથે દેશભકિતને જોડી શહેરના યુવાનો એક અનોખું પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પડશે. તેમની રાઈડમાં કાશ્મીરના કિનૌર, સ્પિટી, લાહૌલ, નુબરા, ખારદુંગલા, શ્યોક, ચંગથાંગ તથા પંગી સ્થળોને કવર કરી લેવાશે.

યુનાઈટેડ રાઈડર્સ કલબ આયોજિત 'થેકીંગ રાઈડ ફોર ઈન્ડિયન આર્મી'માં ૮ બાઈક અને ૨ કાર સાથે ૧૫ સભ્યો જોડાશે આ રાઈડનો પ્રાંરભ તા. ૧૧મી જુન રવિવારે સવારે ૬.૩૦ કલાકે ગાંધીનગરની કલેકટર કચેરીએથી થશે. જે ગુજરાતથી રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ તથા જમ્મુ-કાશ્મીર સહિતના રાજયોને આવરી લઈ લદાખ, ખારદુંગલા સુધી જશે. આ રાઈડ દરમિયાન રસ્તામાં જયાં પણ લશ્કરી જવાનો મળશે અથવા મિલીટ્રી કેમ્પ હશે ત્યાં જઈ જવાનોને મિઠાઈનું પેકેટ ભેટ આપવામાં આવશે તથા સાથે સમગ્ર દેશ વતી તેમની બહાદુરીભરી ફરજ નિભાવી રક્ષણ પુરું પાડવા બદલ આભાર માનતો પત્ર આપવામાં આવશે. આ રાઈડનો હેતુ દેશના સ્વાભિમાન તથા ગૌરવનું જતન કરી રહેલા વીર જવાનો પ્રત્યે આભાર વ્યકત કરી તેમનો જુસ્સો વધારવાનો છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુનાઈટેડ રાઈડર્સ કલબ અગાઉ રાઈડ ફોર કલીન ઈન્ડિયા, બેટી બચાઓ-બેટી પઢાઓ, થેન્કયુ ફોર સર્વિંગ અવર કન્ટ્રી એન્ડ પ્રોટેકટીંગ અવર ફ્રીડમ રાઈડ યોજી ચુકયા છે. આ રાઈડમાં તમામ બુલેટ બાઈકનો ઉપયોગ કરાશે અને ટ્રાફિકના તમામ નિયમોનું પાલન કરાશે તેવું રાઈડર સચિન ઠકકરે જણાવ્યું હતું.



## સરકારી વિનયન કોલેજમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૯

ગુજરાત યુનિવર્સિટી પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ માટે જે વિદ્યાર્થીએ સરકારી વિનયન કોલેજ સે-૧૫ ગાંધીનગરની પસંદગી કરેલ હોય તેઓએ તા. ૧૦-૬-૨૦૧૭ના રોજ ૧૨ વાગ્યા સુધીમાં દસ્તાવેજની ચકાસણી કરી જવાની રહેશે તેમજ આચાર્ય સરકારી વિનયન કોલેજ ગાંધીનગરને જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કમળાબેન ઠાકોરલાલ ગાંધી, ઉ.વ. ૮૫
- સ્વ. કેયુરી કિરીટકુમાર ઠકકર, ઉ.વ. ૨૨